
# 7 ભારતઃ સ્થાન, સીમા, વિસ્તાર અને ભૂપૃષ્ઠ

તમે ધોરણ 6માં ગુજરાતનાં સ્થાન, સીમા, વિસ્તાર અને ભૂપૃષ્ઠ વિશે શીખી ગયા છો. હવે આપણે ભારત વિશેની માહિતી મેળવીએ.




**7.1 એશિયાનો રાજકીય નકશો**

અહીં આપેલ નકશામાંથી ભારત વિશેની માહિતી નીચેની ખાલી જગ્યામાં ભરો :

ભારત 8.4° ઉત્તર અક્ષાંશથી 37.6° ઉત્તર અક્ષાંશ સુધી અને 68.7° પૂર્વ રેખાંશથી 97.25° પૂર્વ રેખાંશ સુધી વિસ્તરેલો છે.

- **એશિયા ખંડમાં સ્થાન ...................**
- **સીમા :**
  - પૂર્વે : ...................................... આવેલો છે.
  - પશ્ચિમે : ...................................... આવેલો છે.
  - ઉત્તરે : ...................................... આવેલો છે.
  - દક્ષિણે : ...................................... આવેલો છે.
  - વાયવ્યે : ...................................... દેશ આવેલો છે

## વિસ્તાર :




### 7.2 ભારત રાજકીય

ઉત્તરે કશ્મીરથી દક્ષિણે કન્યાકુમારી સુધીની ઉત્તર–દક્ષિણ લંબાઈ આશરે 3214 કિમી છે. જ્યારે પૂર્વે અરુણાચલથી પશ્ચિમે દ્વારકા સુધીની પૂર્વ–પશ્ચિમ પહોળાઈ 2933 કિમી છે. ભારતનું ક્ષેત્રફળ લગભગ 32, 87, 263 ચોરસ કિમી જેટલું છે; જેથી વિસ્તારની દૃષ્ટિએ દુનિયાના દેશોમાં ભારતનું સ્થાન સાતમું છે.

ભારતનો આકાર ઉત્તરમાં સાંકડો, મધ્યમાં પહોળો અને દક્ષિણે સાંકડો થતો જાય છે. ભારતમાં કુલ 29 રાજ્યો, 1 કેપિટલ સ્ટેટ દિલ્લી અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો આવેલા છે.

**પ્રવૃત્તિ**

ભારતનાં રાજ્યો અને રાજધાની તથા કેન્દ્રશાસિત પ્રદેશોની યાદી કોષ્ટકરૂપે બનાવો.

ભારતમાં જે રાજ્યોમાંથી કર્કવૃત્ત પસાર થતું હોય તેવાં રાજ્યોનાં નામ નીચે લખો :

.....................................................................................................................


### ભૂપૃષ્ઠ :

જમીનની સપાટીને ભૂપૃષ્ઠ કહેવામાં આવે છે. ભારતનું ભૂપૃષ્ઠ એક જ પ્રકારનું નથી. તેના કેટલાક ભાગોમાં ઊંચા ઊંચા પર્વતો તો કેટલાક ભાગમાં વિશાળ સમતલ ફળદ્રુપ મેદાનો છે. કેટલાક ભાગમાં વેરાન રણ પ્રદેશ છે.

વળી, કેટલાક ભાગમાં સમુદ્રકિનારો અને ક્યાંક ઉચ્ચ પ્રદેશો આવેલા છે.

ભૂપૃષ્ઠની દૃષ્ટિએ ભારતને પાંચ ભાગમાં વહેંચી શકાય :

(1) ઉત્તરનો પર્વતીય પ્રદેશ (2) ઉત્તરનો મેદાન પ્રદેશ (3) મધ્ય અને દક્ષિણ ભારતનો ઉચ્ચ પ્રદેશ (4) દરિયાકિનારાનાં સાંકડાં મેદાનોનો પ્રદેશ (5) દ્વીપસમૂહ




7.3 ભારત ભૂપૃષ્ઠ

### (1) ઉત્તરનો પર્વતીય પ્રદેશ :

હિમાલય એ કોઈ એક પર્વત નથી પણ ત્રણ પર્વતોની હારમાળા છે. તેને હિમાલયની પર્વતમાળા કહે છે; જે વિશ્વની સૌથી ઊંચી પર્વતમાળા છે. ઉત્તરના પર્વતીય પ્રદેશના બે વિભાગ છે : (1) હિમાલયની પર્વતમાળા (2) હિમાલયની પૂર્વનો ડુંગરાળ પ્રદેશ.


ચીન તરફની પર્વતમાળા મહા હિમાલય, વચ્ચેની મધ્ય હિમાલય અને ભારત તરફની પર્વતમાળા શિવાલિકની ટેકરીઓ તરીકે ઓળખાય છે.

## 1.1 હિમાલયની પર્વતમાળા


ભારતનું માઉન્ટ ગોડવીન ઑસ્ટિન ($K_2$) શિખર 8611 મીટર ઊંચું છે. જે કારાકોરમની પર્વતમાળામાં છે. હિમાલયનું નેપાળમાં આવેલું દુનિયાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ (8848 મીટર) છે. આ ઉપરાંત ભારતના ભાગની પર્વતમાળામાં કાંચનજંઘા (8598 મીટર), નંદાદેવી (7817 મીટર) અને બદ્રીનાથ (7138 મીટર) વગેરે ખૂબ ઊંચાં શિખરો આવેલાં છે.

## 1.2 હિમાલયની પૂર્વનો ડુંગરાળ પ્રદેશ

હિમાલયની પૂર્વમાં આવેલો આ પ્રદેશનો મોટો ભાગ ડુંગરાળ છે. અહીં પતકોઈ અને લુશાઈની ડુંગરમાળાઓ તથા દક્ષિણ ભાગમાં પૂર્વ-પશ્ચિમ વિસ્તરેલી ગારો, ખાસી, જેંતિયા અને નાગાની ડુંગરમાળા આવેલી છે. આ ડુંગરમાળાઓ બહુ ઊંચી નથી.





7.4 ભારત : પર્વતીય પ્રદેશ




7.5 ભારત : મેદાની પ્રદેશ

## (2) ઉત્તરનો મેદાન પ્રદેશ

ઉત્તરના પર્વતીય પ્રદેશની દક્ષિણે આવેલા પ્રદેશની રચના હિમાલયમાંથી નીકળતી મોટી નદીઓ અને તેમને મળતી નદીઓના કાંપથી થઈ છે. આ મેદાનોનો પ્રદેશ ઉત્તર ભારતનો ઘણો મોટો વિસ્તાર રોકે છે. આથી તે ઉત્તરનો મેદાની પ્રદેશ કહેવાય છે. આ મેદાન પ્રદેશની ગણના દુનિયામાં નદીઓએ બનાવેલાં મોટાં મેદાનોમાં થાય છે. નદીઓનાં સમતલ મેદાનોનો આ પ્રદેશ ભારતનો સૌથી સમૃદ્ધ અને ગીચ વસ્તીનો પ્રદેશ છે.




7.6 ભારત : નદીઓ અને સરોવરો

હિમાલયમાંથી નીકળતી નદીઓ : ..................................

......................................................................................

......................................................................................


ભારતનાં મુખ્ય સરોવરો : ..........................................

......................................................................................

......................................................................................

## (3) મધ્ય અને દક્ષિણ ભારતનો ઉચ્ચપ્રદેશ :

નદીઓનાં સમતલ મેદાનોના પ્રદેશની દક્ષિણે મધ્ય અને દક્ષિણ ભારતનો ઉચ્ચપ્રદેશ આવેલો છે. આ પ્રદેશ ઊંધા ત્રિકોણ આકારમાં વિસ્તરેલો છે. દક્ષિણ ભારતનો આ ભૂમિભાગ સાંકડો અને બંને બાજુ વિશાળ જળરાશિ ધરાવે છે માટે તે દ્વીપકલ્પ કહેવાય છે. આ પ્રદેશ ખૂબ જૂનો અને સખત ખડકોનો બનેલો છે. આ ઉચ્ચપ્રદેશની વચ્ચે નર્મદા અને શોણ નદીની ખીણ આવેલી છે. આથી તેના બે ભાગ પડે છે. ઉત્તરનો ભાગ માળવાનો ઉચ્ચપ્રદેશ અને દક્ષિણનો ભાગ દખ્ખણના ઉચ્ચપ્રદેશના નામે ઓળખાય છે. આ ઉચ્ચપ્રદેશની જમીન મેદાનોના પ્રદેશ જેટલી ફળદ્રુપ નથી તેમ છતાં કાળી છે. આથી ઘણા વિસ્તારોમાં ખેતી સારી થાય છે. આ ઉચ્ચપ્રદેશ ભારતનો ખનીજ ભંડાર કહેવાય છે.




7.7 ભારત : ઉચ્ચપ્રદેશો

**પ્રવૃત્તિ**

ઉચ્ચપ્રદેશમાં આવેલાં ગિરિમથકો અને મુખ્ય શહેરો......................................................................

......................................................................................................................................

## (4) દરિયાકિનારાનાં સાંકડાં મેદાનો :

ભારતની ત્રણે બાજુ દરિયાકિનારો આવેલો છે. આ દરિયાકિનારો આશરે 7517 કિલોમીટર લાંબો છે. આ દરિયાકિનારે સાંકડાં મેદાનો આવેલાં છે. આ મેદાનોની એક બાજુ સમુદ્ર છે તો બીજી બાજુ દક્ષિણનો ઉચ્ચપ્રદેશ

છે. ભારતના પૂર્વ કિનારે આવેલું મેદાન પૂર્વ કિનારાના મેદાન તરીકે ઓળખાય છે. દરિયાકિનારો મત્સ્ય ઉદ્યોગ માટે જાણીતો છે. આ મેદાનોના દરિયાકિનારે ચેન્નાઈ, પુડુચેરી, મછલીપટ્ટનમ્ અને વિશાખાપટ્ટનમ્ જેવાં મોટાં શહેરો આવેલાં છે. જે ભારતનાં જાણીતાં બંદરો છે.

ભારતના પશ્ચિમ કિનારે આવેલું મેદાન પશ્ચિમ કિનારાનું મેદાન કહેવાય છે. આ મેદાન પૂર્વ કિનારાના મેદાન કરતાં સાંકડું છે. આ મેદાનમાં કેટલોક ભાગ કાળી માટીનો અને કેટલોક ભાગ કાંપની ફળદ્રુપ જમીનનો બનેલો છે, માટે આ મેદાન ખૂબ જ ફળદ્રુપ છે.

પશ્ચિમ કિનારાનું મેદાન વાહનવ્યવહાર અને મત્સ્યઉદ્યોગ માટે જાણીતું છે.

આ મેદાનોમાં કંડલા, મુંબઈ, મંગલુરૂ, કોઝીકોડ અને થિરૂવનંથપુરમ્ દરિયાકિનારે આવેલાં મોટાં બંદરો અને જાણીતાં શહેરો છે.

### (5) ટાપુ (દ્વીપ) :

ચારે બાજુ પાણીથી ઘેરાયેલા જમીન ભાગને 'ટાપુ (દ્વીપ)' કહે છે.

ભારતના પશ્ચિમ તરફના અરબ સાગરમાં લક્ષદ્વીપ અને મિનિકોયના ટાપુઓ છે; જેનું વહીવટી મથક કૈવરત્તી છે.

ભારતના પૂર્વ તરફના બંગાળાના ઉપસાગરમાં અંદમાન અને નિકોબારના ટાપુઓ આવેલા છે; જેનું વહીવટી મથક પોર્ટબ્લેર છે.

### રણપ્રદેશ :

અરવલ્લીની ગિરિમાળાની પશ્ચિમે આવેલો રાજસ્થાનનો પશ્ચિમ ભાગ રણપ્રદેશ છે. તેની જમીન રેતાળ છે. રણની આબોહવા સૂકી અને વિષમ છે. મોટે ભાગે અહીં વરસાદ બહુ જ ઓછો (20 સેમીથી ઓછો) પડે છે. આથી આ પ્રદેશનો ઘણો ભાગ સૂકો, વેરાન અને ઉજ્જડ છે. પાણીની તકલીફ, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની કાયમી હાડમારીને લીધે આ પ્રદેશમાં વસ્તી ખૂબ જ ઓછી છે. અહીં ખજૂરીનાં વૃક્ષો અને ઊંટોની વણજાર જોવા મળે છે.

રાજસ્થાનના ઉત્તર ભાગમાં રણપ્રદેશમાં સતલુજ નદીમાંથી ઇન્દિરા ગાંધી નહેર દ્વારા સિંચાઈ પૂરી પાડવામાં આવતાં રણપ્રદેશનો ઉત્તર ભાગ હરિયાળો બન્યો છે અને ત્યાં ખેતીનો વિકાસ સારા પ્રમાણમાં થયો છે.

કચ્છનો રણપ્રદેશ રાજસ્થાનના રણપ્રદેશથી જુદો છે. ગુજરાતમાં આવેલું કચ્છનું રણ એ વિશાળ ખારોપાટ છે. આ રણ મોટું રણ અને નાનું રણ એવા બે ભાગમાં છે. અહીં ધરતીએ જાણે સફેદ ચાદર ઓઢી હોય તેવો આખો વિસ્તાર દેખાય છે ! વિશ્વમાં આ પ્રકારનું રણ માત્ર કચ્છમાં જ છે.

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :

1. ટાપુઓનો ઉદ્ભવ કેવી રીતે થયો હશે ?
2. રણપ્રદેશમાં વસ્તી ખૂબ ઓછી શા માટે હોય છે ?

3. ઉત્તરના મેદાન પ્રદેશમાં વસ્તી ગીચ છે ? હા કે ના ? શા માટે ?
4. દરિયાકિનારે મોટાં શહેરોનો વિકાસ શા માટે થાય છે ?
5. જો ભારતના ભૂપૃષ્ઠમાં વિવિધતા ન હોત તો ?

**2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

1. વિસ્તારની દૃષ્ટિએ આપણા દેશનું સ્થાન દુનિયામાં સાતમું છે.
2. હિમાલયનું ભારતમાં આવેલું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ છે.
3. મધ્ય અને દક્ષિણ ભારતના ઉચ્ચપ્રદેશને ભારતનો ખનીજ ભંડાર કહેવાય છે.
4. ભારતમાંથી મકરવૃત્ત પસાર થાય છે.
5. કચ્છનું રણ પુષ્કળ રેતાળ છે.

**પ્રૉજેક્ટ**

ભારતના કોઈ એક રાજ્ય વિશેની સચિત્ર માહિતી પુસ્તકાલય તથા ઇન્ટરનેટની મદદથી એકત્ર કરો.

**આટલું જાણો**

- કન્યાકુમારીથી વિષુવવૃત્ત આશરે 800 કિમીને અંતરે આવેલું છે.
- ભારતના દરિયાકિનારાનાં મેદાનોને બે ભાગમાં વહેંચવામાં આવે છે : (1) પૂર્વ કિનારાનું મેદાન અને (2) પશ્ચિમ કિનારાનું મેદાન.
- પર્વતોની હારમાળા સંદર્ભે હિમાલયને (1) લઘુ હિમાલય, (2) મધ્ય અથવા લઘુ હિમાલય અને (3) મહા (બૃહદ્) હિમાલય એવા ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે.